## પેન્શનરોને હૃદયનો કૃત્રિમ વાલ્વ, પેશમેકર તથા સાંભળવાના સાધનનો ખર્ચ આપવા અંગે

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, ઠરાવક્રમાંક : એમએજી-2003-2267-અ,
સચિવાલય, ગાંધીનગર, તા. 14-9-2004

**વંચાણે લીધા :** *(1) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી/1088/88/2616/5, તા. 30-12-’88.*

**ઠરાવ :**

આ વિભાગના તા. 30-12-’88ના ઠરાવક્રમાંક : એમએજી-1088-2613-ઘ થી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-1988 પ્રસિદ્ધ કરવામાં આવેલ, તેમાં વખતોવખત થયેલ સુધારા મુજબ નિયમ-2 (7)(ત) માં હૃદયના કૃત્રિમ વાલ્વ, નિયમ-2(7)(ઘ)માં પેશમેકર, અને નિયમ-2(7)(દ) માં સાંભળવાના સાધનનો ખર્ચ ફક્ત સરકારી કર્મચારીને મળવાપાત્ર થાય તેવી જોગવાઈ છે, ઉક્ત નિયમોના નિયમ 1(4)(છ)માં રાજયના પેનશનરોનો ઉલ્લેખ છે અને નિયમ-2(1)માં ‘‘દર્દી’’ અને 2(2)માં ‘‘કુટુંબ’’ની વ્યાખ્યા આપેલ છે. તે મુજબ ઉક્ત નિયમો સરકારી કર્મચારી કે તેના કુટુંબના સભ્યો તેમ જ રાજયના પેન્શનરોને લાગુ પડે છે. નિયમ-2(7)(ત),(ઘ) અને (દ) સરકારી કર્મચારી કુટુંબના સભ્યોને અને રાજયના પેન્શનરોને લાગુ પડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે સરકાર આથી નીચે મુજબ ઠરાવે છે :

(1) ઉક્ત નિયમોના નિયમો-2(7)(ત) હૃદયના કૃત્રિમ વાલ્વની અને નિયમ-2(7)(ઘ) પેશમેકરની સારવારનો ખર્ચ તેમ જ નિયમ-2(7)(દ) સાંભળવાના સાધનનો ખર્ચ સરકારી કર્મચારી/અધિકારીઓને અને તેના કુટુંબીજનોને તેમ જ પેન્શનરોને (કુટુંબના આશ્રિત સભ્યોનો સમાવેશ થશે નહિ) પણ મળવાપાત્ર થશે. પેન્શનરે સેવાકાળ દરમિયાન સાંભળવાના સાધનનો ખર્ચ એકવાર મજરે મેળવેલ હશે તો ફરીથી મળવાપાત્ર થશે નહિ. પેન્શનર જયારે સાંભળવાના સાધનના ખર્ચ અંગે દાવો કરે ત્યારે તેણે સેવાકાળ દરમિયાન આ અંગેનો કોઈપણ ખર્ચ અગાઉ મજરે લીધેલ નથી, તે પ્રકારનું લેખિત કબૂલાતનામું રજૂ કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. 26-6-’03 અને તા. 6-7-’04ની નોંધથી મળેલ અનુમતીએ બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બી. એચ. ગોસ્વામી
આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ

✽ ✽ ✽